# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી રજિસ્ટર પ્રસિધ્ધ કરવા બાબત

**વડોદરા મહાનગર પાલિકા ના વહીવટી વોર્ડ નં. ૬ અને ૧૦ ના હદ વિસ્તારમાં આવેલી (ઔધોગિક એકમો સહની) મિલ્કતના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના આકારણી રજિસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી બાબતે જાહેર નોટીસ**

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ મુજબ વહીવટી વોર્ડ ૬ અને ૧૦ માં આવેલી મિલકતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા **વહીવટી વોર્ડ નં. ૬ અને ૧૦ ના હદ વિસ્તારમાં આવેલી** (ઔધોગિક એકમો સહની) મિલ્કતોના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના આકારણી રજીસ્ટર આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. **આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરી ના કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોંઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા. ૨૧-૬-૧૬ સુધીમાં સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.**

અન્ય બાબત:- (૧) સદર જાહેરાત સંબધી વધુ વિગતો તેમજ સમજ મેળવવા માટે સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

**નોંધ:-રહેણાંક સિવાયની ઇમારતોના ઉપયોગ પરિબળ ખંડ (ખ)ના અનુક્રમ નં. ૭(૧) માં દર્શાવેલ મિલ્કતના વર્ગીકરણમાં કરેલ સુધારા રાજ્ય સરકારશ્રીની મંજુરીથી અમલમાં આવશે જે સને ૨૦૧૬-૧૭ ના વર્ષથી મંજૂરી મળશે તો તે મુજબના તફાવતની રકમ સને ૨૦૧૭-૧૮ના વેરા બિલ માં દર્શાવવામાં આવશે.**

એચ. એસ. પટેલ આઇ એ એસ
મ્યુનિસિપલ કમિશનર

પી.આર.ઓ. નં./ /૨૦૧૬-૧૭